અપીલ અરજી નં. ૫૮૦ તા.૨૫–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમિત ધીરજભાઈ મહેતા
સામાવાળાઃ– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમિત ધીરજભાઈ મહેતાની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી તાત્કાલિક ધોરણે ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતે મુદ્દા નં.(૧) મોરાભાગળ બંબાગેટની પાછળ, ડો.બદાદની લાઈનમાં પાંચ માળનું મરીયમ પેલેસ (૨) નિશાદ સોસાયટી, પ્લોટ નં.૨૩,૨૪ નિશાત મસ્જીદની સામે,ન્યુ રાંદેર રોડ, અડાજણ પાટીયા વિ.મુદ્દા નં. (૧) થી (૧૧)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૮૦/૨૦૧૧–૧૨

શ્રી અમિત ધીરજભાઈ મહેતાની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી તાત્કાલિક ધોરણે ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતે મુદ્દા નં.(૧) મોરાભાગળ બંબાગેટની પાછળ, ડો.બદાદની લાઈનમાં પાંચ માળનું મરીયમ પેલેસ (૨) નિશાદ સોસાયટી, પ્લોટ નં.૨૩,૨૪ નિશાત મસ્જીદની સામે,ન્યુ રાંદેર રોડ, અડાજણ પાટીયા વિ.મુદ્દા નં. (૧) થી(૧૧ ) ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં./ ૯૬૪ તા. ૧૭–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા અરજદારને રજાચિઠ્ઠી, પ્લાનની માહિતી, નકલો આપ્યાનું કે ફી ભરવા પ્રસ્તાવ કરેલ હોવાનું પ્રત્યુત્તર પરથી જણાતું નથી તેમજ મુદ્દા નં. ૧૧–ઝોનના આવું ગેરકાયદેસર બાંધકામ અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૫૦ તા.૩–૨–૧૨ થી** ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને તેમણે માહિતી માંગતી અરજી છે કે ગેરકાયદેસર બાંધકામ દુર કરવા કાર્યવાહીને લગતી ? તે સ્પષ્ટ કરવા સાથે મળેલ પ્રતિભાવની નારાજગી અંગે મુદ્દાવાર, કયા મુદ્દા અંગે શું નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા તેમજ વધુમાં તેમની મુળ અરજીથી નિર્દિષ્ટ નકલો ફી–ચાર્જ ભરી માંગેલ હોવાના આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૧૦૭૬ તા.૧૫–૨–૧૨ થી પૂરક વિગતોમાંમુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૯૬૪ તા.૧૭–૧–૧૨ ના પત્રની નકલ, અરજદારને ઈન્સ્પેકશન માટે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.ન.૧૦૭૩ તા. ૧૫–૨–૧૨ થી પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની અરજીથી તાત્કાલિક ધોરણે ગેરકાયદેસર બાંધકામ દુર કરવા અંગેની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી તથા મળેલા પ્રતિભાવથી નારાજ હોવાનું જણાવી તા. ૨૫–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૯૬૪ તા.૧૭–૧–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) મોરાભાગળ બંબાગેટની પાછળ, ડો.બદાદની લાઈનમાં પાંચ માળનું મરીયમ પેલેસ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોરા ભાગળ બંબાગેટની પાછળ ડો. બદાદની લાઈનમાં આવેલ

મરીયમ પેલેસના પ્લાન ટીડીઓ નં.૧૪૨ તા.૧૬–૮–૦૭ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. (૨) નિશાદ સોસાયટી, પ્લોટ નં.૨૩,૨૪ નિશાત મસ્જીદની સામે,ન્યુ રાંદેર રોડ, અડાજણ પાટીયા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિશાદ સોસા. પ્લોટ નં.૨૩,૨૪ નિશાતમસ્જીદની સામેની સોસા.નો લે આઉટ પ્લાન તા.૨૫–૬–૮૫ થી મંજુર કરવામાં આવેલ છે. (૩) ઝુલેલાલ મંદિરની સામે આવેલ રાજુ વિડીયો , રામનગર . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નંબર, ફા.પ્લોટ નંબર, સબ પ્લોટ નંબર, ચાલતા નંબર વિ. બાબતે સ્પષ્ટ વિગતો રજૂ કર્યેથી માહિતી પૂરી પાડી શકાશે. (૪) સી–૨૦ કૃષ્ણનગર સોસા. આંબેડકર ટ્રસ્ટની સામે ન્યુ રાંદેર રોડ, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કૃષ્ણનગર સોસા.નો બાંધકામનો લે આઉટ પ્લાન ૨૬–૧૧–૭૧ થી મંજુર કરવામાં આવેલ છે. (૫) નવયુગ સોસા. પ્લોટ નં.૧૪ શેત્રુજંય ટાવરની પાછળ, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નવયુગ સોસા.નો બાંધકામનો લે આઉટ પ્લાન તા.૨૦–૪–૮૧ થી મંજુર કરવામાં આવેલ છે. (૬) આરાધના સોસા. નં.૮ રાંદેરઝોનની પાસે, શેત્રુજંય ટાવરની પાછળ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧૨ (અડાજણ) ફા.પ્લોટ નં.૧૮૮ આરાધના સોસા. બાંધકામ યુનિટ નં.૮ ના માળ વધારાના પ્લાન ટીડીઓ નં.૭૪ તા.૪–૭–૧૧ થી મંજુર કરવામાં આવેલ છે. (૭) પંચરત્ન સોસા. વિભાગ–૧ નંબર ૩૨ સ્નેહ સંકુલ વાડીની સામે, ન્યું રાંદેર રોડ, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પંચરત્ન સોસા.ના બાંધકામનો લે આઉટ પ્લાન ટીડીઓ/૪૭૪ તા.૪–૯–૮૬ થી મંજુર કરવામાં આવેલ છે. (૮) ટી.પી. સ્કીમ નં.૨૯ (રાંદેર) ફા.પ્લોટ નં.૧૬ એચ ચાલતા નં.૩૭૧,૩૭૨ રૂમ નં.૬૭,૬૮ સુનીલ જવેલર્સ રામનગર રાંદેર, સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટી.પી. ૨૯ (રાંદેર) ફા.પ્લોટ નં.૧૬/એચ ચાલતા નં.૩૭૧ ૩૭૨ રૂ નં.૬૭,૬૮ સુનીલ જવેલર્સ રામનગર રાંદેરને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. (૯) નેકસ્ટ શો રૂમ ઋષભ ચાર રસ્તા પાસે, રાંદેર, સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં. ૧૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૬૧ માં આવેલ નેકસ્ટ શો રૂમનો લે આઉટ પ્લાન ટીડીઓ/૨૮૩ તા.૨૧–૨–૨૦૦૦ થી મંજુર કરવામાં આવેલ છે. (૧૦) વિજય સેલ્સ તાડવાડી રોડ ઉપર આવેલ, રાંદેર સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧૧ (અડાજણ) , ફા.પ્લોટ નં.૧૧૫ માં આવેલ વિજય સેલ્સનો લે આઉટ પ્લાન ટીડીઓ/નં..૩૪૨ તા.૧૯–૩–૦૯ થી મંજુર કરવામાં આવેલ છે. (૧૧) નં.૨૪ આશિષ સોસા. અજરામર ચોક, ધીરજ સન્સ પાસે, ન્યુ. રાંદેર રોડ સુરત ખાતે બાંધકામની મંજુર કરેલા પ્લાનની રજાચિઠ્ઠી સાથેની આજ દિન સુધીની તમામ વિગત. (હાલમાં રાંદેરઝોન વિસ્તારમાં કેટલાક બાંધકામ ચાલુ છે નામ સરનામા સાથેની વિગત અને કેટલા ગેરકાયદેસર છે નામ, સરનામા સાથેની વિગત). તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આશીષ સોસા. ના બાંધકામનો પ્લાન ટીડીઓ/ નં.૩૧ તા.૨૧–૫–૦૪ થી મંજુર કરવામાં આવેલ છે.

જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી અને મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૫–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૫૦ તા.૩–૨–૧૨ થી માહિતી માંગતી અરજી છે કે ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કાર્યવાહીને લગતી? તે સ્પષ્ટ કરવા સાથે મળેલા પ્રતિભાવની નારાજગી અંગે મુદ્દાવાર કયા મુદ્દા અંગે શું નારાજગી છે તે આધારસહ સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. વધુમાં મુળ અરજીથી નિર્દિષ્ટ નકલો ફી ચાર્જ ભરી માંગેલ હોવાના આધારસહ તેમનો પક્ષ રજૂ કરવા તક આપવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી પૂરક વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પૂરી પાડેલ પૂરક વિગતોમાં અરજદાર તરફથી ફકત માહિતી માંગેલ હતી પરંતુ નકલો કોઈ માંગવામાં આવેલ નથી તે મુજબનો જવાબ આપવામાં આવેલ છે. વધુમાં મુદ્દા નં.૧૧ અંગે ગેરકાયદેસર બાંધકામ અંગે દફતરી ઈન્સ્પેકશનમાટે અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૭૩ તા.૧૫–૨–૧૨ થી તપાસણી કરી વિગતો મેળવવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ તે અંગે અરજદારે તપાસણી મેળવેલ છે કે કેમ? તે અંગે બંને પક્ષકાર તરફથી તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૫–૧–૧૨ ધ્યાને લેતાં ૨૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા. ૨૩–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં મુદ્દા નં.૧૧ અંગે ગેરકાયદેસર બાંધકામોની વિગતો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તપાસણીનો પ્રસ્તાવ કરેલ છે જે અનુસાર અરજદાર ઈચ્છુક હોય તો તપાસણી મેળવી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જો અરજદાર ગેરકાયદેસર બાંધકામોની કાર્યવાહીને લગતી વિગત હોય તો તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમિત ધીરજભાઈ મહેતા,